કામનું નામઃ— એન્યુઅલ રેટ ઓફ આસ્ફાલ્ટ વર્ક ફોર ધી મેઈન્ટેનન્સ ઓફ રોડસ અન્ડર (આર. એન્ડ બી.) ડીવીઝન,દેવભુમિ દ્વારકા (વર્ષ ૨૦૨૬—૨૭).

## —: શરતો :—

૧) વિભાગીય કચેરીનાં કાર્યક્ષેત્રમાં આવતી તમામ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની તાબા હેઠળના કાર્યક્ષેત્રમાં કામગીરી કરવાની રહેશે.

૨) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી/ સાઈટ એન્જિનીયરની લેખીત સુચના મુજબની તમામ કામગીરી કરવાની રહેશે.

૩) અત્રેથી લેખિત/ મૌખિક અથવા ટેલીફોનીક સુચના આપ્યાને દિવસ—૧(એક) માં સુચવેલ કામગીરી ચાલુ કરવાની રહેશે. જો શરૂ કરવામાં નહી આવે તો જે તે એજન્સીની ડીપોઝીટ જપ્ત કરી કાળીયાદીમાં મુકવામાં આવશે, જે અન્વયે કોઈ વાંધો/ વિરોધ ગ્રાહય રાખવામાં આવશે નહીં.

૪) મટીરીયલ્સનાં ટેસ્ટ રીઝલ્ટ નિયમોનુસાર પેટા વિભાગીય કચેરી સાથે સંકલન કરી રજુ કરવાનાં રહેશે. મીક્ષ ડિઝાઈન માટે ટેસ્ટીંગ ચાર્જ એજન્સીએ ભોગવવાનો રહેશે.

૫) ભરેલ ભાવો સરકારી ટેક્ષીસ લેબર સેસ સહિત અને જી.એસ.ટી. વગરનાં આપવાનાં રહેશે. બીલ રજુ કરતી વખતે બીલ જી.એસ.ટી. વાળુ રજુ કરવાનું રહેશે.

૬) બાનાની રકમ રૂા.૧,૦૦,૦૦૦/— ની ટેન્ડર સાથે ભરવાની રહેશે.

૭) જે ઈજારદારનાં ભાવો મંજુર થાય તેને રૂા.૫,૦૦,૦૦૦/— ની એફ.ડી.આર. ૧—વર્ષની મુદતની ડીપોઝીટ તરીકે જમાં કરાવવાની રહેશે. જે ભાવની માન્યતા પૂર્ણ થયાનાં એક વર્ષ બાદ પરત કરવામાં આવશે.

૮) આસામી ધ્વારા નિયત સમયમાં કામગીરી પૂરી પાડવામાં નહીં આવે તો દિવસ દિઠ ૦.૫૦% ટકા લેખે પેનલ્ટી લાગુ પડશે અને ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૯) મંજુર થયેલ ભાવથી કામ કરતા પહેલા વિભાગીય કચેરીએથી જરૂરી પેરૂઝલ/ તાંત્રિક મંજુરી મેળવી પેટા વિભાગ ધ્વારા જરૂરી એગ્રીમેન્ટ કરી, વર્ક ઓર્ડર મેળવી કામ કરવાનું રહેશે.

૧૦) મંજુર થયેલા ભાવોની મુદત મંજુરીની તારીખથી ૧૨(બાર) માસની મુદતનાં રહેશે.

૧૧) ટેન્ડર મંજુર કરવુ, ન કરવુ તેનો સક્ષમ અધિકારીશ્રીને અબાધિત હકક રહેશે.

૧૨) ભાવો મંજુર થયેલ એજન્સીએ મીક્ષ માલ માન્ય મીકેનીકલ ખાતાનું પ્રમાણપત્ર ધરાવતા એચ.એમ./ ડી.એમ. પ્લાન્ટેથી જ લાવવાનો રહેશે તેમજ જરૂરી દસ્તાવેજ આપવાનાં રહેશે.

૧૩) કામ દરમ્યાન પબ્લિક કે પર્યાવરણને નુકશાન ન થાય તેની તકેદારી રાખવાની રહેશે તેમજ જો આ અંગે કોઈ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની જવાબદારી જે તે એજન્સીની રહેશે.

૧૪) કામગીરી દરમ્યાન અકસ્માત કે અન્ય કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની જવાબદારી જે તે એજન્સીની રહેશે તે બાબતે સરકારશ્રીની કોઈ પણ જવાબદારી રહેશે નહી તેમજ મજુરો કારીગરોનો નિયમોનુસાર લાયસન્સ મેળવી લેવાનું રહેશે તથા તે જે તે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને કામગીરી શરૂ કરતા પહેલા લેબર લાયસન્સ સાદર કરવાનું રહેશે.

૧૫) નિયમોનુસારનું કરારખત કરવાનું રહેશે તથા તે કામ માર્ગ અને મકાન વિભાગના માન્ય રોડ સ્પેશીફીકેશન મુજબ કરવાના રહેશે.

૧૬) બાનાની રકમ વગરનું ભાવપત્રક માન્ય રાખવામાં આવશે નહી.

૧૭) કોઈપણ શરતી ભાવો સ્વીકારવામાં આવશે નહી.

૧૮) ખાસ કિસ્સામાં અગત્યતાના ધોરણે હાથ ધરવાની થતી કામગીરી જો ટુંકી સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તે સોપેંલ સમયમર્યાદામાં પૂર્ણ કરવાનું રહેશે.

૧૯) કામમાં વાપરવામાં આવેલ માલ સામાન જો રોયલ્ટી ચુકવવાપાત્ર હોય તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે આસામીની રહેશે.

૨૦) કામમાં વાપરવામાં આવેલ ડામરનો રેટ એસકેલેશન અલગથી ચુકવવામાં આવશે નહી તે સમજીને ભાવો ભરવાના રહેશે.

૨૧) કામમાં વાપરવામાં આવેલ ડામર ખરીદીનાં માન્ય રીફાઈનરી/ કંપનીનાં અસલ ગેઈટ પાસ બીલ સાથે રજુ કરવાનાં રહેશે.

૨૨) કામનાં શરૂઆત તથા કામ પૂર્ણ થયા બાદ કરેલ કામગીરીના ફોટોગ્રાફસ રજુ કરવાના રહેશે.

૨૩) ભાવપત્રકમાં દર્શાવવામાં જથ્થો માત્ર યુનિટ માટેનો છે તે સિવાયની વધારાની કામગીરીનો જથ્થો જયારે જયારે કરવાનો થાય ત્યારે ઈજારદારે આ ભરેલ ભાવે પેટા કચેરીની સુચના મુજબના સ્થળે કામગીરી કરી આપવાની રહેશે.

૨૪) ભાવ સમજી વિચારીને ભરવાના રહેશે વધારે ઉચા/નીચા ભાવો બાબતે રેઈટ એનાલીસીસ આપવાનું રહેશે તથા તે બાબતે કોઈ વાંધો ચલાવવામાં આવશે નહી અને જો રેઈટ એનાલીસીસમાં કોઈ આઈટમનાં ભાવો યોગ્ય જણાતા નથી તો આ આઈટમના એલ – ૧ ના ભાવો ગ્રાહ્ય ન રાખતાં એલ – ૨ ના ભાવો ધ્યાને લઈ વાર્ષિક ભાવો ફાઈનલ કરવાનો અધિકાર કાર્યપાલક ઈજનેરશ્રી પાસે રહેશે.

૨૫) કામની અગત્યતા તથા જરૂરીયાત હોય તો અન્ય ઈજારદારશ્રી પાસે મંજુર થયેલ ભાવથી કામગીરી કરાવી શકાશે તેમાં સીકયોરીટી ડીપોઝીટ ૧૦% કપાત કરવામાં આવશે. તે બાબતે ભાવો મંજુર થયેલ એજન્સી ધ્વારા કોઈ વાંધો કે તકરાર લેવાનાં રહેશે નહીં.

૨૬) કોઈ વિવાદ અંગે જયુરીડીકશન ખંભાળીયા રહેશે.

૨૭) સદરહુ કામમાં ઈજારદારશ્રીને પ્રાઈઝ વેરીએશન અથવા સ્ટાર રેઈટનું ચુકવણું / રીકવરી કરવાની રહેશે નહીં.

૨૮) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીએ કામ બહાર પાડયા પહેલાં જી.પી.ડબલ્યુ વોલ્યુમ – ૧ ના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૨૯) બિલમાંથી નિયમોનુસાર એસ. ડી. પેટે કપાત કરવાની રહેશે.

ઉપરોકત શરતો નં. ૧ થી ૨૯ અમોએ વાંચી છે અને અમોને કબુલ મંજુર છે જે અમોને બંધનકર્તા રહશે.

| | | |
|---|---|---|
| ઠેકેદારની સહી :– | નાયબ કાર્યપાલક ઈજનેર<br>માર્ગ અને મકાન પેટા વિભાગ<br>દ્વારકા | કાર્યપાલક ઈજનેર<br>દેવભુમિ દ્વારકા (મા. અને મ.) વિભાગ<br>ખંભાળીયા |